# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 10 તારીખથી રાજ્યના પ્રવાસે - "સોમનાથ સ્વાભિમાન પર્વ"માં વિશેષ ઉપસ્થિત રહેશે.
2) ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ગ ત્રણની 950 ટૅક્નિકલ જગ્યા માટે ભરતીની જાહેરાત.
3) અમદાવાદ અને સુરતમાંથી કેફી પદાર્થ સાથે ચાર લોકોની ધરપકડ.
4) રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ ઠંડી ઘટવાની આગાહી.
5) દીવમાં ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સની બીચ સોકર સ્પર્ધામાં હિમાચલ પ્રદેશ સામે દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવનો વિજય.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GIR SOMNATH PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 10થી 12 જાન્યુઆરી રાજ્યના પ્રવાસે આવશે. તેઓ આ રવિવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરશે. તેમજ આવતીકાલથી 11 તારીખ સુધી યોજાનારા "સોમનાથ સ્વાભિમાન પર્વ"માં ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, શ્રી મોદીના વડપણ હેઠળ શૌર્ય યાત્રા બાદ જંગી જનસભા પણ યોજાશે. પર્વ માટે ચાર જિલ્લામાંથી વિશેષ ટ્રેનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ આવશે. સોમનાથમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી વાઘાણીએ આ મુજબ જણાવ્યું.

**(BYTE: JITU VAGHANI)**

. . . . . . . . . . . . .

# GUJARAT POLICE BHARATI

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ હેઠળ વર્ગ ત્રણની 950 ટૅક્નિકલ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ઉમેદવારો નવથી 29 જાન્યુઆરી સુધી આ માટે ઑનલાઈન અરજી કરી શકશે.

સત્તાવાર યાદી મુજબ, વાયરલેસ વિભાગમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરની 172 અને ટૅક્નિકલ ઑપરેટરની 698 મળી 870 જગ્યા છે. જ્યારે મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં PIની 35 અને હેડ કૉન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક ગ્રેડ- એકની 45 મળી 80 જગ્યા માટે ભરતી થશે.

. . . . . . . . . . . . .

# DRUGS SEIZED IN STATE

સુરત S.O.G પોલીસે કેફી પદાર્થ સાથે ત્રણ લોકોની ધરપકડ કરી છે. પુણા વિસ્તારમાં ચાલતી એક પ્રયોગશાળામાંથી આ ત્રણેય લોકો કેફી પદાર્થનું વેચાણ કરતા હતા.  SOGએ તમામ સામાન કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું SOGના DCP રાજદીપસિંહ નકુમે જણાવ્યું.

(BYTE: RAJDIPSINH NAKUM, DCP, SOG)

બીજી તરફ, અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી 504 ગ્રામ કેફી પદાર્થ સાથે તેની હેરાફેરી કરનારા એક વ્યક્તિ પકડાયો છે. ઝૉન સાત LCB અને વેજલપુર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી હતી. જુહાપુરાના એક ફ્લેટ પાસે ઉભેલી કારમાંથી વ્યક્તિ પકડાયો હોવાનું ઝોન સાતના DCP શિવમ વર્માએ જણાવ્યું

.

(BYTE: SHIVAM VERMA, DCP, ZONE 7)

. . . .

# ANAND DAKOR BUS

આણંદ અને બોરસદ  ST  ડેપો સંચાલિત નવા આણંદ-ડાકોર અને આણંદ-બોરસદની સ્થાનિક બસ સેવાના નવા રૂટ શરૂ કરાયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે આણંદ બસ મથકની આકસ્મિક મુલાકાત લીધી હતી. દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાની મુશ્કેલી અંગે તેમને રજૂઆત કરી હતી.

શ્રી સંઘવીએ બસ મથક પરથી જ ઉચ્ચ અધિકારીને તાત્કાલિક અસરથી બોરસદ અ ડાકોરની બસ સેવા શરૂ કરવા સૂચના આપી હતી. આ સેવા શરૂ થતાં વિદ્યાર્થીઓ અને મુસાફરોમાં આનંદની લાગણી છવાઈ છે.

. . . . .

# SLCCC FIRST MEETING

રાજ્યના મુખ્ય સચિવ મનોજકુમાર દાસની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય સ્તરીય વસતિ ગણતરી સંકલન સમિતિ – SLCCCની પહેલી બેઠક યોજાઈ. ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં શ્રી દાસે આગામી "વસતિ ગણતરી 2027"ના યોગ્ય આયોજન અને પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી.

બેઠકમાં રાજ્યના ડાયરેક્ટર ઓફ સેન્સસ ઑપરેશન્સ સુજલ મયાત્રાએ એક પ્રેઝન્ટેશન રજૂ કર્યું. તેમાં વસતિ ગણતરીની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની વ્યૂહરચના, વહીવટી સીમાઓ ફ્રીઝ કરવાની પ્રક્રિયા તથા હાથ ધરાયેલા પ્રિ-ટેસ્ટના તારણ અને ગણતરીદારો માટેની તાલીમની તૈયારીઓ અંગે માહિતી અપાઈ હતી.

. . . .

# GNR TYPHOID CASES

ગાંધીનગરમાં આજે ટાઈફોઈડના નવા નવ કેસ નોંધાયા છે. જ્યારે સિવિલ હૉસ્પિટલમાં દાખલ 10 દર્દીને રજા અપાઈ છે. અત્યાર સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ 153 કેસ નોંધાયા છે. તેમાંથી 69 દર્દીને રજા અપાઈ અને 84 દર્દી સારવાર હેઠળ છે. જ્યારે ટાઈફોઈડના કારણે કોઈ દર્દીનું મૃત્યુ થયું નથી.

શહેરી આરોગ્ય કેન્દ્રની ટુકડી 85 જેટલી દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. બીજી તરફ , મ્યુનિસિપલ કમિશનર , સિટી ઇજનેર , આરોગ્ય અધિકારી તેમજ આરોગ્યની વિવિધ ટુકડી દ્વારા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી.

. . . .

# WEATHER UPDATE

રાજ્યમાં આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત્ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે , ત્રણ દિવસ બાદ રાજ્યમાં પવનની દિશા બદલાતા ઠંડી ઘટી શકે છે. દરમિયાન નલિયા અને અમરેલીમાં હાલ લઘુત્તમ તાપમાન નવ ડિગ્રી સૅલ્સિયસ નોંધાયું હોવાનું પણ તેમણે ઉંમેર્યું હતું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

. . . .

# KIBG SPORTS UPDATE

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સની બીચ સોકર રમતમાં દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવની ટીમનો વિજય થયો છે. દીવના સુંદર બીચ ઍરેના ખાતે રમાયેલી મૅચમાં ટીમે હિમાચલ પ્રદેશને 15 —1થી હરાવ્યું હતું. ટીમના સુકાના જય નિતેશ હલપટ્ટીએ ભવ્ય પ્રદર્શન કર્યું હતું.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવે પ્રથમ તબક્કામાં બે શૂન્યની સરસાઈ મેળવી. જ્યારે બીજા તબક્કામાં ટીમે આઠ ગોલ કર્યા અને એક જ ગૉલ ગુમાવ્યો. ત્રીજા તબક્કામાં ટીમે પોતાનો લય જાળવી રાખી અને મૅચ પૂર્ણ કરવા માટે પાંચ વધુ ગૉલ કર્યા. એટલે મેચને વધારાનો સમય કે પૅનલ્ટી શૂટ-આઉટની જરૂર પડી નહતી.

અન્ય મેચમાં અરૂણાચલ પ્રદેશે મહિલા બીચ સોકરના ગૃપ એ-માં મહારાષ્ટ્રને નવ એકથી હરાવ્યું હતું. જ્યારે ગુજરાતે ગૃપ બીમાં હિમાચલ પ્રદેશ પર એકતરફી નવ શૂન્યથી વિજય મેળવ્યો હતો.

. . . .

# VB-G RAM G DISTRICT

રાજ્યના વિવિધ વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) – જી રામ જી કાયદા અંગે પત્રકાર પરિષદ યોજાઈ.

વલસાડમાં ખાતે આ કાયદાની જોગવાઈઓ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં લોકસભા સાંસદ ધવલ પટેલે કહ્યું, શ્રમિકોના કામનું વેતન હવે સીધું તેમના ખાતામાં માત્ર 7 દિવસમાં જમા કરાશે.

(બાઇટ – ધવલ પટેલ, BJP વલસાડ)

તાપીમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે પત્રકાર પરિષદમાં કહ્યું, 50 ટકા કામ ગ્રામ પંચાયતો દ્વારા નક્કી કરાશે, જેથી સ્થાનિક લોકોને રોજગાર મળશે.

ભરૂચમાં જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ પત્રકાર પરિષદ સંબોધતા કહ્યું, આ યોજના અંતર્ગત 95 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે, જે ગ્રામીણ વિકાસ માટે સીમાચિહ્ન સાબિત થશે.

સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ સિહોરાએ પત્રકાર પરિષદમાં કહ્યું, વિકસિત ભારત જી રામ જી યોજનાથી ગ્રામ્ય વિસ્તારોમાં સર્વાંગી વિકાસ થશે.

પોરબંદરમાં પ્રભારી મંત્રી કુંવરજી બાવળિયાએ પત્રકાર પરિષદમાં આ કાયદાને ગ્રામીણ શ્રમિકો અને ખેડૂતો માટેનું ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.

. . . .

# GNR YUVA MAHOTSAV

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત તથા મહારાષ્ટ્રમાંથી વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026 માટે પસંદ થયેલા યુવાનો સાથે સંવાદ કર્યો. ગુજરાત લોકભવન ખાતે યોજાયેલા આ સંવાદમાં રાજ્યપાલશ્રીએ કહ્યું , વિકસિત ભારત 2047ના લક્ષ્યને સિદ્ધ કરવા યુવાશક્તિની ભૂમિકા નિર્ણાયક રહેશે. તેમણે કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ થયેલી આ વિશેષ પહેલ દ્વારા દેશભરમાંથી પસંદ થયેલા ત્રણ હજાર જેટલા યુવાનોને રાષ્ટ્રીય મંચ પર પોતાના વિચાર, નવિનતા અને દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક મળશે.

રાજ્યપાલશ્રીએ યુવાનોને નવીનતા , સ્ટાર્ટ-અપ, ટૅક્નોલૉજી, આરોગ્ય, ખેતી અને સામાજિક ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો રાષ્ટ્રહિતમાં ઉપયોગ કરવા અને પરિશ્રમ, ઈમાનદારી તથા નૈતિકતાને જીવનનો ધ્યેય બનાવવા આહ્વાન કર્યું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................